## પાર્ટ ટાઈમ જોબની લાલચમાં રૂપિયા 17.77 લાખની ઓનલાઈન ઠગાઈ

**મ્યુલ બેંક** એકાઉન્ટનો ઉપયોગ કરીને સાયબર ઠગાઈ કરનાર એક ઝડપાયો

વલસાડ: વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા "ઓપરેશન મ્યુલ હંટ" અંતર્ગત કાર્યવાહી કરી મ્યુલ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરીને સાયબર ઠગાઈ કરનાર એક આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે સમગ્ર દેશમાં નોંધાયેલી કુલ રૂ. 17,77,000ની સાયબર ઠગાઈની ફરિયાદોને ધ્યાનમાં રાખીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમાં આરોપી પાર્ટ ટાઇમ જોબની લાલચ આપી એકાઉન્ટ મેળવતા હતા અને તેનો ઉપયોગ સાયબર ઠગાઇના પૈસા જમા કરાવવા કરતા હતાં.

પોલીસ તપાસમાં શંકાસ્પદ બેંક એકાઉન્ટ ધરાવનાર ઇન્દ્રકલા અરવિંદસિંહ ગૌતમને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હતો.

પૂછપરછમાં બહાર આવ્યું કે તેમણે પોતાનું બેંક એકાઉન્ટ સત્યમ વિજયકુમાર સિંહ (રહે., બંગલો નં.164, નીલકંઠ સોસાયટી, સાત ફળિયા, ચણોદ, તા. વાપી, જિ. વલસાડ) ને આપ્યું હતું. પોલીસ તપાસમાં સામે આવ્યું કે સત્યમ સિંહ અને તેના સાથીદારો લોકો પાસે પાર્ટ ટાઈમ જોબ, ઇન્વેસ્ટમેન્ટ અને વર્ક ફ્રોમ હોમ જેવી લાલચ આપીને છેતરપિંડી કરતાં હતા. આ રીતે મેળવાયેલા નાણાં વિવિધ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી ત્યારબાદ તેના મળતીયા પિયુષ સંજયસિંહને મોકલી દેતાં હતા. પોલીસ તપાસમાં આરોપી અને તેના સંબંધિત એકાઉન્ટમાં દેશભરમાં કુલ 6થી વધુ સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે. જેમાં કુલ રૂ. 17.77 લાખની ઠગાઈ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે આરોપીની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.





વલસાડ નજીક ડુંગરી સોનવાડા નેશનલ હાઈવે પર

## ટાયર ફાટતાં ટ્રક અને STનો અકસ્માત

**બસચાલકની** સતર્કતાથી 40 મુસાફરનો આબાદ બચાવ

વલસાડ: વલસાડ નજીકના ડુગરી સોનવાડા ગામ પાસેથી પસાર થતાં નેશનલ હાઈવે 48 પર આજે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ચાલુ ટ્રકનું ટાયર ફાટતા સર્જાયેલી આ દુર્ઘટનામાં એસટી બસ અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. જોકે, બસ ચાલકની સમયસૂચકતાને કારણે મોટી જાનહાનિ ટળી છે.

મળતી માહિતી મુજબ, વલસાડ નજીકના ડુગરી સોનવાડા નેશનલ હાઈવે 48 પરથી પસાર થઈ રહેલી એક ટ્રક (નં. ડબલુબી 23 એફ 7762)નું અચાનક ટાયર ફાટ્યું હતું. ટાયર ફાટવાને કારણે ચાલકે ટ્રક પરનો કાબૂ ગુમાવ્યો હતો અને ટ્રક ડિવાઈડર કૂદીને સામેની લેન પર આવી ગઈ હતી. આ દરમિયાન સામેથી આવી રહેલી ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ (ST) ની બસ (નં. જીજે 18 ઝેડ 9859) સાથે તેની જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત સમયે એસટી બસમાં 40થી વધુ મુસાફરો સવાર હતા. અચાનક સામે આવેલી ટ્રકને જોઈને બસચાલકે સમયસૂચકતા વાપરી બસ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. બસચાલકની આ સતર્કતાને કારણે મોટી જાનહાનિ ટળી છે અને તમામ 40 મુસાફરોનો જીવ બચી ગયો છે. આ અકસ્માતમાં 6થી વધુ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાના અહેવાલ છે. ઘટના બનતા જ સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક 108 મારફતે વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો અકસ્માતને પગલે નેશનલ હાઈવે 48 પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### બીજાનું પડાવી લેનારાઓ ક્યારેય પણ સુખી થયા નથી: પદ્મદર્શનસૂરિજી મહારાજ



ઉમરગામ: ઉમરગામના સોળસુંબા સ્થિત શ્રી આદિનાથ શ્વે.મૂ.પૂ. જૈન સંઘમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ અને પૂ.પંન્યાસપ્રવર કલ્પવલ્લભવિજયજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થતાં પ્રવચન યોજાયું હતું. આ પાવન પ્રસંગે ધર્મસભાને સંબોધતા પૂ. આચાર્ય પ્રવરશ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, જેઓ પોતાના કુટુંબ કે પરિવારનો વિશ્વાસ સંપાદન કરી શકતા નથી તેઓ સમાજ કે દેશનો વિકાસ કરવા સમર્થ બનતા નથી. અત્યારે સહુને સાથે રાખીને મજબૂત સંગઠનની જરૂર છે. કોઈએ કોઈની સામે કાંકરીચાળો કરવાની જરૂર નથી. કારણ કે, દરેક વ્યક્તિ કાચના ઘરમાં રહેલા છે. જગતના જમાદાર થઈને ફરનાર ડોનાલ્ડ ટ્રમ્પે આ વાત સત્વરે સમજવાની જરૂર છે. બીજાને દબાવીને અને બીજાનું પડાવી લેનારાઓ ક્યારેય પણ સુખી થયા નથી. ધરતીના ટુકડા માટે દુર્યોધનની જે હાલત થઈ તે હાલત કોઈની પણ થઈ શકે છે.

### વાપી ડુંગરામાં કન્ટેનરની અડફેટે એકનું મોત

વાપી: મૂળ યુપી અને હાલ વાપી નજીકના ડુંગરા દેવજી ફળિયા સ્થિત ચાલીમાં ઈજહર અહમદ અબરાર અહમદ ખાન (ઉં.વ.44) અને અન્સાર ઈલ્તાફ શેખ રહે છે. ગત તા.8-3-26 ના રોજ ડુંગરા ભોપાલી નગર પાસે સેલવાસથી વાપી તરફ જતાં માર્ગ ઉપરથી પસાર થઈ રહેલી કન્ટેનરે રસ્તો ઓળંગી રહેલા અન્સાર શેખને અડફેટે લીધો હતો. જેનું સારવાર દરમિયાન સુરત સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. અકસ્માત કરનાર કન્ટેનરચાલક રહીશ મોહમદ વાહીદ શેખ સામે વાપી ડુંગરા પોલીસમથકે ઈજહર ખાને ફરિયાદ નોંધાવી હતી.

### વાપી નામધામાં જુગાર રમતા ચલાના 3 ઝડપાયા

વાપી: વાપી ટાઉન પોલીસે નામધા રોફેલ કોલેજ પાછળ ખુલ્લી જગ્યામાં રેડ કરી પુનિત ઠાકુરભાઈ હળપતિ (ઉં.વ.27), મનિષ બાબુભાઈ હળપતિ (ઉં.વ.35) અને સમીર સુમનભાઈ હળપતિ (ઉં.વ.21, તમામ રહે., ચલા, વાપી)ને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે કુલ રૂ.1600 કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

### દમણમાં 25 મહિલાને મફત ડ્રાઈવિંગ ક્લાસ સાથે લાઇસન્સ વિતરિત કરાયાં



દમણ: સંઘપ્રદેશ દમણમાં વિશ્વ મહિલા દિવસ અંતર્ગત સામાજિક કાર્યો કરતી સ્ટેપ અપ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા એલ્કેમ ફાર્મા કંપની દમણની 25 જેટલી મહિલાઓ માટે નિ:શુલ્ક મોટર ડ્રાઇવિંગ કોર્સ શરૂ કરવામાં આવ્યો હતો. જે કોર્ષ પૂર્ણ થતાં સ્ટેપ અપ ફાઉન્ડેશનના કાર્યાલયમાં ડ્રાઇવિંગ પ્રશિક્ષણ પૂર્ણ કરનાર મહિલાઓને પ્રમાણપત્ર અને ડ્રાઇવિંગ લાઇસન્સ એનાયત કરવામાં આવ્યા હતાં. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વિશાલ ટંડેલ, કંપનીના એ.જી.એમ. સંદીપ સૂર્યવંશી સહિત સંસ્થા સાથે જોડાયેલા સ્ટાફ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

### સરા ખાતે યોજાયેલી ક્રિકેટ ટુર્નામેન્ટમાં યશ કેમ્પસ મહુવાસ વિજેતા




નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા તાલુકાના સરા ખાતે જય અંબે યુવક મંડળ દ્વારા ઓલ ગુજરાત આદિવાસી બિગ બેસ ધમાકા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટમાં માન્યા ઇલેવન દોસવાડા, હારવી ઇલેવન બારડોલી, મુશ્કાન ઇલેવન કહૈયા, ધ વિલેજર્સ પીઠાદરા, યશ કેમ્પસ મહુવાસ, હર્ષ ઇલેવન આહવા, સાઇ મહાકાલ ઉનાઈ, ટાઇગર ઇલેવન પાટી, રાઇઝિંગ સ્ટાર વ્યારા, હેનિલ આર્મી દુવાડા, સુકુ ઇલેવન આંતલિયા અને ચિરાગ રોયલ ઇલેવન ભિનાર ટીમોએ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટના અંતિમ દિવસે અંડર-૧૯ ટીમ ઇન્ડિયાના વિજેતા ખેલાડી હેનીલ પટેલ ખાસ હાજર રહ્યા હતા. ફાઇનલમાં મુશ્કાન ઇલેવન કઢૈયાની ટીમને ઓલઆઉટ કરી યશ કેમ્પસ મુહવાસ ટીમે શાનદાર જીત મેળવી હતી. વિજેતા ટીમને આર.પી. સેલના ઓનર પ્રકાશભાઈના હસ્તે ટ્રોફી સાથે રૂ. 1,00,000 તથા રનર્સઅપ ટીમને ટ્રોફી સાથે રૂ. 60,000નું ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

## ખેરગામ તા.પં.માં 'હલ્લાબોલ'

**કોંગ્રેસે** ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે TDO ઓફિસ બહાર રામધૂન બોલાવી વિરોધ કર્યો

ખેરગામ: ખેરગામ તાલુકા પંચાયતમાં ભ્રષ્ટાચારના આક્ષેપોને લઈ કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલની આગેવાનીમાં કોંગ્રેસના કાર્યકરોએ ખેરગામ તાલુકા પંચાયત કચેરીએ એકત્ર થઈ સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. જોકે ટીડીઓએ રજૂઆત અંગે એક અઠવાડિયામાં તપાસ કરી જવાબ આપવાની ખાતરી આપતા વિરોધ સમ્યો હતો.

ખેરગામ તાલુકા પંચાયત કચેરીએ હાલમાં મળેલી ખાસ સામાન્ય સભાના વિપક્ષના



સવાલોના જવાબો આપવા વગર તાલુકા પ્રમુખ સભા છોડીને ચાલ્યા જતાં કોંગ્રેસના સભ્યો ધરણા પર બેઠા હતા, જે બાદ ટીડીઓએ તપાસ કરવાની ખાતરી આપી હતી. પરંતુ તપાસ ન થતાં ખેરગામ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલની આગેવાનીમાં હલ્લાબોલનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

કોંગ્રેસના કાર્યકરોએ તાલુકા વિકાસ અધિકારીની ઓફિસની બહાર બેસીને રામધૂન બોલાવી અનોખી રીતે વિરોધ વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન કાર્યકરોએ બહેજ ગામે ગૌચરની જમીનમાંથી વૃક્ષો તથા માટીની ચોરી થયાની ઘટનાની તપાસ કરવાની માંગ ઉઠાવી હતી. તાલુકા પંચાયત દ્વારા બનાવવામાં આવેલા કેટલાક રસ્તાઓમાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપ સાથે પણ યોગ્ય તપાસ કરવાની માંગ કરવામાં આવી હતી. ટીડીઓએ રજૂઆત અંગે એક અઠવાડિયામાં તપાસ કરી જવાબ આપવાની ખાતરી આપી હતી.

ભાજપના વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે કોંગ્રેસ માત્ર રાજકીય એડ્વાન્ટેજ મેળવવા માટે પાયાવિહોણા આક્ષેપો કરી રહી છે. આગામી દિવસોમાં આ આક્ષેપ-પ્રતિઆક્ષેપની લડાઈ વધુ તેજ બને તેવી પૂરેપૂરી શક્યતા નકારી શકાય નહીં.

## કડક વેરા વસૂલાત: વાપીમાં 113 કમર્શિયલ મિલકતને સીલ મરાયાં

**મનપા** દ્વારા માર્ચ માસના પ્રથમ સપ્તાહમાં રૂ.95 લાખની વસૂલાત

વાપી: વાપી મહાનગરપાલિકા ઘરવેરા વિભાગ દ્વારા માર્ચ માસના પ્રથમ સપ્તાહમાં એક હોસ્પિટલ સહિત ૧૧૩ કમર્શિયલ મિલકતને સીલ મારી કુલ રૂ.૯૫ લાખની વેરા વસૂલાત કરવામાં આવી હતી. કમિશનર યોગેશ ચૌધરીએ માર્ચ માસમાં વેરા વસૂલાતની સઘન ઝુંબેશ ચલાવવા માટે આપેલી સૂચનાના અનુસંધાને ટેક્સ સુપરિટેન્ડન્ટ રાકેશ ઠક્કરે ત્રણ ટીમ બનાવી લક્ષ્યાંક પૂર્ણ કરવા કડક વસૂલાત ઝુંબેશ શરૂ કરી છે. જે અંતર્ગત ચલા વિસ્તારમાં વિનાયક સેન્ટરમાં રૂ.૧૦ લાખનો



વેરો બાકી હોય એક હોસ્પિટલને સીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત ચલાના વૈભવ એન્કલેવમાં ટ્રાન્સપોર્ટ ઓફિસ, વાપીમાં જસ એપા.માં સલૂન અને હોટલ, તિરુપતિ ટાવરમાં ૯ ઓફિસ, તુલસી દર્શનમાં ૪ દુકાન, સાઈ મેજેસ્ટીમાં ૪ દુકાનો, ડુંગરા મહાવીરનગરમાં 3 ગોડાઉન વગેરે મળી ૧૧૩ કમર્શિયલ મિલકતોને તાળા મારી કાર્યવાહી કરી માર્ચ માસના પ્રથમ સપ્તાહમાં રૂ.૯૫ લાખની વસૂલાત કરવામાં આવી હતી. આ વર્ષમાં ૮૫% થી વધુ વસૂલાત કરી લેવામાં આવી છે. બાકી રહેલા કરદાતાઓ સામે કાર્યવાહી ચાલી રહી છે. માર્ચમાં ૯% મુજબ દંડકિય વ્યાજ લાગે છે અને ૩૧ માર્ચ સુધીમાં વેરો ભરવામાં નહિ આવશે તો બાકી રકમ ઉપર ૧ એપ્રિલથી ૧૨% વ્યાજ લાગી જશે. દંડકીય વ્યાજ અને સીલિંગ જેવી કડક કાર્યવાહીથી બચવા માટે પોતાનો બાકી પ્રોપર્ટી ટેક્ષ ૩૧ માર્ચ પહેલાં જમા કરાવવા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## દમણની કંપનીમાંથી ચોરી કરનાર બે ઝડપાયા

દમણ: દમણના ડાભેલ સોમનાથના ઔદ્યોગિક વિસ્તારમાં પ્લાસ્ટિકનું ઉત્પાદન કરતી પ્રિમિયર પોલીયાલોઈઝ નામની કંપનીમાં હોળી અને ધુળેટીની 2 દિવસની રજા હોવાને લઈ અજાણ્યા ચોરો કંપનીમાંથી 25 કિલોના વજનવાળી 50 જેટલી પ્લાસ્ટિકના દાણા ભરેલી બેગની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે આ મામલે કંપની પરિસર સહિતના સીસીટીવી કેમેરા ફૂટેજ તથા ગુપ્તચરોના માધ્યમથી આ કામના આરોપીઓને 8 માર્ચના રોજ ધરપકડ કરવામાં સફળતા મેળવી હતી. પોલીસે પ્લાસ્ટિકના દાણાની ચોરીના કેસમાં વાપીના દેગામમાં રહેતો અને મૂળ ઉત્તરપ્રદેશનો રહેવાસી ઉજ્જવલ રાજેશ પાંડે તથા વાપીના વટાર પાસે રહેતો અને મૂળ બિહારના નીતિન સંતોષ શાહની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી 1.30 લાખના પ્લાસ્ટિકના દાણા ભરેલી 50 બેગ કબજે કરી આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી આગળની કાર્યવાહી હાથ ધરી છે. જો કે, પોલીસ તપાસમાં એમ પણ જાણવા મળ્યું કે આરોપીઓએ આ ચોરીમાં એક સગીર વયના તરુણની પણ સંડોવણી કરી હતી. જેમાં પોલીસે તરુણની પણ અટકાયત કરી છે.

## બહેન સાથે વાતચીત નહીં કરવા દેવાની અદાવતમાં ભાઈ પર ચપ્પુ વડે હુમલો

**વાપીના** ભડકમોરામાં યુવકે ભાઈ અને મિત્રને ઘા માર્યા, બંને હોસ્પિટલમાં

વાપી: વાપી ભડકમોરામાં રહેતા પરિવારના ભાઈએ બહેન સાથે વાતચીત કરવી નહીં કહેતા ઈસમે ઝઘડો કરી અદાવત રાખી ભાઈ અને તેના મિત્ર ઉપર ચપ્પુથી હુમલો કર્યો હતો. જેમાં ભાઈને જાંઘના ભાગે તથા મિત્રના પેટના ભાગે ઈજા થઈ હતી.

વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ બિહાર અને હાલ વાપી ભડકમોરા નાની સુલપડ સ્થિત ચાલીમાં અખિલેશકુમાર અનિલ મહાતો (ઉં.વ.26) રહે છે. તેની નાની બહેન શાળામાં અભ્યાસ કરે છે. વાપીના ચણોદ લાભશુભ બિલ્ડિંગમાં પગલુ ઉર્ફે રાકેશ ઉર્ફે આશુતોષ ઉમેશકુમાર રહે છે અને તે નાની બહેન સાથે ફોન ઉપર વાતચીત કરતો હતો, જેથી તેને વાતચીત કરવાની ના પાડી જેથી તેઓનો અગાઉ બે-ત્રણ વખત બોલાચાલી પણ થઈ હતી.

ગઈકાલે અખિલેશ તેના મિત્ર અતુલ જયનાથ યાદવ (રહે., ચણોદ) સાથે દમણ ફરવા ગયા હતાં. પગલુ તેનો પણ મિત્ર હતો જેથી તેણે ફોન કરીને ઘરે મળવા માટે બોલાવતો હતો. જેથી અખિલેશે મળવા માટે ભડકમોરા ગેમ મલ્ટીપ્લેક્સ પાસે આવવા કહ્યું હતું. જે બાદ રાત્રિના સાડા બારેક વાગ્યાની આસપાસ પગલુ આવ્યો હતો અને કહ્યું કે, તારી બહેનને કેમ બોલે છે. તારી બહેન સાથે જ લગ્ન કરીશ કહી બોલાચાલી કરી હતી. જે બાદ પગલુએ પેન્ટના ખિસ્સામાંથી ચપ્પુ કાઢી જાંઘના ભાગે મારી હતી જ્યારે મિત્ર અતુલને પેટના ભાગે ચપ્પુ મારી દીધું હતું. ઈજાગ્રસ્ત બંનેને સારવાર માટે વાપીની હોસ્પિટલ ખસેડયા હતા. આ બનાવ અંગેની ફરિયાદ અખિલેશ મહાતોએ વાપી ટાઉન પોલીસમથકમાં કરી હતી.

## કાર નીચે કચડી નાંખનાર બુટલેગર બે દિવસના રિમાન્ડ પર

બીલીમોરા: ગણદેવી તાલુકાના ખાપરવાડાના હસમુખભાઈ આહીર ઉપર કાર ચડાવી મોત નીપજાવનાર આરોપી કૃપલ પટેલની પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કર્યો હતો. જેમાં નામદાર કોર્ટે તેના બે દિવસ એટલે કે તારીખ ૧૧ માર્ચ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. ગાડી ધીમે ચલાવવાનું કહેવા જતાં ઉશ્કેરાયેલા ગોંયડી ભાટલાનો બુટલેગર કૃપલ પટેલે ખાપરવાડા ગામના હસમુખભાઈ આહિર ઉપર તેની નંબર વગરની વર્ના કાર ચડાવીને તેઓનું મોત નીપજવી ભાગી છૂટ્યો હતો, જેને પોલીસે મહારાષ્ટ્રના બોરડી ગામેથી ઝડપી પાડી જેલમાં પૂરી દીધો હતો. રિમાન્ડ દરમિયાન આરોપી અકસ્માત કરીને ભાગતી વખતે તેને તેના મોબાઈલ નો સીમકાર્ડ તોડી નાખ્યો હતો તે રિકવર કરવો, તે સમયે તેને પહેરેલા કપડાં કે જેને પાછળથી બદલી નાખ્યા હતા, તેનો કબજો લેવા સહિત અકસ્માત કરીને પહેલાં તે દમણ ભાગી છૂટ્યો હતો ત્યાં તેને કોને મદદ કરી હતી તે બધી વિગત રિમાન્ડ દરમિયાન પોલીસ એકત્રિત કરશે.

## GRD મહિલાને સંતાન ન થતાં માર મારી ઘરમાંથી કાઢી મૂકી

**પારડી** પોલીસે માનસિક-શારીરિક ત્રાસ આપનાર પતિ-સાસુ સહિત ત્રણ સામે ગુનો નોંધ્યો

પારડી: પારડીના તરમાલિયા ગામે રહેતી પરિણીતાને શારીરિક-માનસિક અત્યાચાર ગુજારાતા પતિ, સાસુ સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાઈ છે. પરિણીતાને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત પરિણીતાને વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી.

પારડીના તરમાલિયા ગામે પારસી ફળિયામાં રહેતા નિલેશ અરવિંદભાઈ પટેલના લગ્ન રોહિણા ગામે રહેતી અને પારડી પોલીસમાં જીઆરડી તરીકે ફરજ બજાવતી પુષ્પા પટેલ સાથે થયા હતા. લગ્નના એક વર્ષ બાદ પતિ અને સાસુએ સંતાનના મુદ્દે ટોણા મારી ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. અવારનવાર પુષ્પા પર શારીરિક માનસિક ત્રાસ ગુજારાતો હતો. એટલું જ નહીં પણ પતિ અને સાસુએ સંતાન થતાં નહીં હોય જેને કારણે બોલાચાલી કરી ઝઘડો કર્યા બાદ ઘરેથી કાઢી મુકતા પુષ્પા રોહિણામાં રહેતા માતા-પિતાને ત્યાં ચાલી ગઈ હતી.

ગત 5 માર્ચ રોજ પુષ્પા કપડાં અને આયુષ્યમાન કાર્ડ લેવા મોપેડ પર સાસરે ગઈ હતી. સાસરે ગયા બાદ પુષ્પાએ પતિ નિલેશને કેમ ફોન ઉચકતો નથી એમ કહેતા તેણે તું કેમ અહીં આવી છે કહી ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો. એટલું જ નહીં પણ નિલેશે તું અહીંયા મને જોઈતી જ નથી એમ કહી ઉશ્કેરાઈ જઈ ઢીક્કા-મુક્કીનો માર માર્યો હતો. બાદમાં સાસુ લીલાબેન અને ભત્રીજો કૃતિક દોડી જઈ મહિલાને ઢીક્કા-મુક્કીનો માર મારી બીજીવાર અમારા ઘરે આવીશ તો તને પતાવી દઈશું એવી ધમકી આપી હતી. બાદમાં પુષ્પા પોતાના પિયર ચાલી ગઈ હતી અને પરિવારને જાણ કરી ત્યારબાદ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. આ બનાવ અંગે પારડી પોલીસમાં ફરિયાદ કરતા પતિ, સાસુ સહિત ત્રણ સામે ગુનો નોંધ્યો હતો.


### જાહેર નોટીસ

મહેરબાન સુરતના એડીશનલ સ્મોલ કોઝ જડજ શ્રી બી.સી.ભલીયા સાહેબની કોર્ટમાં.
રૂમ નંબર – ૭૧૯, સાતમાં માળે, ન્યુ કોર્ટ બિલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત.

આંક –
સ્મોલ દિ.મુ. નંબર: ૩૬૫ સને ૨૦૧૯.
વાદીના વકીલ શ્રી જતીન જે. ગાંધી/ વકીલ શ્રી શૈલેષ વી. જાદવાણી

**વાદી** :– સુરેશચંદ્ર બાલુભાઈ લાકડાવાલા વિગેરે.
વિરૂધ્ધ
**પ્રતિવાદી** :– ગલેમંડી ચાર સંપ્રદાય મંદિર ટ્રસ્ટ વિગેરે.

**પ્રતિવાદી નંબર – (૧૪) :– વિરેન્દ્રભાઈ ગોવિંદભાઈ ડોબરીયા,** ઉંમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ડોબરીયા એસ્ટેટ, નગીનાવાડી સોસાયટીની બાજુમાં, સુમુલ ડેરી રોડ, સુરત.
**પ્રતિવાદી નંબર – (૧૫) :– હસમુખભાઈ શંભુભાઈ ચોવડીયા,** ઉંમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૧/૪૦૩, રૂબી એપાર્ટમેન્ટ, વરાછા રોડ, સુરત.
**પ્રતિવાદી નંબર – (૧૬) :– પ્રવિણભાઈ વજુભાઈ ગજેરા,** ઉંમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૧/૩–૧૦૦૪, મોડેલ ટાઉન એજન્સી, સારોલી સાંસ્કૃતિક ભવન પાસે, સારોલી, સુરત.
**પ્રતિવાદી નંબર – (૧૭) :– પ્રફુલભાઈ ગોવિંદભાઈ ડોબારીયા,** ઉંમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ડોબરીયા એસ્ટેટ, નગીનાવાડી સોસાયટીની બાજુમાં, સુમુલ ડેરી રોડ, સુરત.
**પ્રતિવાદી નંબર – (૧૮) :– વિઠ્ઠલભાઈ કેશવભાઈ ઝડફીયા,** ઉંમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૩૦૨, એ/૧, અભિષેક બિલ્ડીંગ, સુદામા ચોક, મોટા વરાછા, સુરત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે, સદરહું દાવાના વાદીઓએ પ્રતિવાદી નંબર– (૧) ગલેમંડી ચાર સંપ્રદાય મંદિર ટ્રસ્ટના નવા ટ્રસ્ટીઓ તરીકે પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૪) થી પ્રપોઝ રીસ્પોન્ડન્ટ નંબર–(૧૮) ના ઓના નામે પી.ટી.આર. માં દાખલ કરવામાં આવેલ જેથી તેઓને સદર દાવાના કામમાં પક્ષકાર તરીકે જોડવા માટે આંક –૪૮ થી સુધારા અરજી આપેલી જે સુધારા અરજીના પ્રોસેસોની વખતો વખત બજવણી કરવા છતાં બજી આવેલ નહીં જેથી આ કામના વાદીઓએ આંક–૫૧ થી તા. ૧૦/૧૧/૨૦૨૫ ના રોજ સી.પી.સી. ઓર્ડર–૫ રૂલ–૨૦ ના પ્રબંધ હેઠળ સદર સુધારા અરજીના પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૪) થી પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૮) ના ઓને જાહેર સમન્સથી બજવણી કરવા અંગેની અરજી આપેલી જે અરજી નામદાર કોર્ટે મુંજર કરેલ છે. જેથી આ જાહેર નોટીસ થકી સદર સુધારા અરજીના પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૪) થી પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૮) ના ઓ પોતે જાતે યા પોતાના વકીલશ્રી ય પ્રતિનિધિ મારફતે તા. ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર થઈ જવ્બ રજૂ કરે અને જો તેમ કરવામાં કસુર થશે તો નામદાર કોર્ટ સદર સુધારા અરજી સાંભળી કાયદા મુજબ સુધારા અરજીનો આખરી નિકાલ કરશે તેની નોંધ લેવી.

આજ તારીખ ૦૯ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરીને આપ્યું.

| તૈયાર કરનાર: | મુકાબલ કરનાર: | હુકમથી |
|---|---|---|
| (ફેનિલ બી.પટેલ) | (એ.એસ.રબારી) | (પી.કે.દેસાઈ) |
| આસીસ્ટન્ટ | સુપ્રિન્ટેન્ડન્ટ | રજીસ્ટ્રાર સ્મોલ કોઝ કોર્ટ, સુરત |



### ગુજરાત સરકાર
જળસંપત્તિ વિભાગ.
**નિવિદા નં.૧૫, સને ૨૦૨૫-૨૬**
પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ.

ગુજરાત રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ ધ્વારા ચેકડેમ/ ચેકડેમ કમ કોઝવે, સામુહિક કુવા, પાણી પુરવઠાના મરામતના કુલ - ૮૮ કામો, જેની અંદાજીત કિંમત રૂ. ૮.૮૫ લાખથી રૂ. ૪૭.૧૬ લાખ સુધીના માટે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓન લાઇન ઇ-ટેન્ડરીંગ સીસ્ટમથી એસ.બી.ડી. ફોર્મમાં ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરો તા.૧૩/૦૩/૨૦૨૬ થી ઓનલાઇન જોઇ શકાશે.

| | |
|---|---|
| ૧. ઓનલાઇન ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | તારીખ:૨૮/૦૩/૨૦૨૬, ૧૮-૦૦ કલાક સુધી. |
| ૨. ફિઝીકલ ડોક્યુમેન્ટ (ટેન્ડર ફી અને બાનાની રકમ) મોકલવાની તારીખ | તારીખ- ૦૪/૦૪/૨૦૨૬ સુધી કચેરી સમય દરમ્યાન રજી. પોસ્ટ એ. ડી. /કુરીયર/ સ્પીડ પોસ્ટ દ્વારા (દરેક કામવાર ફરજીયાત અલગ અલગ કવરોમાં ડોક્યુમેન્ટસ મોકલવાના રહેશે.) |
| ૩. ઓનલાઇન આવેલ ટેન્ડર ખોલવાની તારીખ અને સ્થળ | તારીખ:૦૬/૦૪/૨૦૨૬ ૧૨.૦૦ કલાકે કાર્યપાલક ઇજનેરશ્રી, પંચાયત સિંચાઇ વિભાગ, વલસાડ. (ફોન નં.૦૨૬૩૨ - ૨૪૪૩૧૪) |
| આ કામોની વિગતવાર નોટીસ આ કચેરીના નોટીસ બોર્ડ ઉપર તેમજ www.nprocure.com ઉપર જોવા મળશે. | |

ન. માહિતી/વલસાડ/૯૬૩/૨૦૨૬

કાર્યપાલક ઇજનેર
પંચાયત સિંચાઇ વિભાગ
જિલ્લા પંચાયત વલસાડ.



### સુરત મહાનગરપાલિકા
FIT INDIA

**કેન્ટીન ચલાવવા માટે ટુંકી મુદતની ક્વોટેશન (બીજો પ્રયાસ)**

સુરત મહાનગરપાલિકાની મુગલીસરા ખાતેની મુખ્ય કચેરીમાં આવેલ કેન્ટીન ફર્નીચર સહિત એક વર્ષ માટે ભાડેથી ચલાવવા માટે સુરત મહાનગરપાલિકા અમલીકૃત DAY-NULM યોજના અંતર્ગત રચાયેલ સ્વ સહાયજુથો (SHG)/ એરીયા લેવલ ફેડરેશન/ સીટી લેવલ ફેડરેશન પૈકીના રસ ધરાવનાર સંસ્થાઓ/વ્યકિતઓએ નિયત ક્વોટેશન/ ઓફર ફોર્મ જમીન મિલકત વિભાગ (સેન્ટ્રલ ઝોન) કચેરીમાંથી રજા સિવાયના દિવસોએ તા.૧૦/૦૩/૨૦૨૬ ના રોજથી તા. ૧૭/૦૩/૨૦૨૬ સુધીમાં કામકાજના સમય દરમ્યાન મેળવી લઈ આ અંગેની જરૂરી વિગતો સહિત સીલબંધ ક્વોટેશન/ઓફર ફોર્મ તા.૩૦/૦૩/૨૦૨૬ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધીમાં મુખ્ય હિસાબનીશશ્રી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતને ફક્ત રજી. એડી પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી બાનાની રકમ પેટે સુરત મહાનગર પાલિકા, સુરતના નામનો રૂા.૨,૦૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે-ઓર્ડર સહિત મોકલી આપવા. કોઈપણ ક્વોટેશન/ઓફર ફોર્મ સ્વીકારવા કે રદ કરવાનો સુરત મહાનગરપાલિકાનો હકક અબાધિત રહેશે અને તે અંગે કોઈ કારણો આપવામાં આવશે નહિ.

ઉપરોક્ત કામની વધુ વિસ્તૃત વિગતો જમીન મિલકત વિભાગ, સેન્ટ્રલ ઝોન તેમજ www.suratmunicipal.gov.in વેબ સાઈટ પર ઈ. સર્વિસીસ/ટેન્ડર સેકશન પરથી મળી શકશે.

નં.પીઆર.ઓ./૭૨૮/૨૦૨૫-૨૬
તા. ૦૯/૦૩/૨૦૨૬

એડી.સીટી ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા



### Surat Municipal Corporation
North Zone (Katargam)
FIT INDIA

E-Tender (Online) Invitation Short Notice: DEPUTY MUNICIPAL COMMISSIONER/NZ/17/2025-26 the Tenders are invited online on https://smctender.nprocure.com from Experienced Government approved Contractor with following schedule:

| NAME OF DEPARTMENT | NO. OF WORK | TOTAL ESTIMATED COST |
|---|---|---|
| ROAD | 03 | 31,95,01,037.10 + G.S.T |
| DRAINAGE | 04 | 1,65,01,383.22 |
| HOUSING | 01 | ITEM RATE TENDER |

The details tender notice will be made available on website www.suratmunicipal.gov.in

Deputy Municipal Commissioner [D]
No. P.R.O./722/2025-26 North Zone (Katargam)
Date: 09-03-2026 Surat Municipal Corporation



बैंक ऑफ इंडिया Bank of India BOI

**બેંક ઓફ ઈન્ડિયા નવસારી શાખા :** ગ્રાઉન્ડ ફલોર, બીએસએનએલ બિલ્ડીંગ, સાંઢકુવા, નવસારી,ગુજરાત –૩૯૬૪૪૫, ફોનં. : ૦૨૬૩૭–૨૫૯૪૪૬, ૨૫૯૪૪૫ E mail - navsari.surat@bankofindia.bank.in

### સુધારો

**(૧) તા. ૬.૩.૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર દૈનિક ના પાના. નં. ૧૭ ઉપર પ્રસિદ્ધ વિજયસિંહ ઉદયસિંહ ઠાકોર (જામીનદાર/ગીરવેદાર) ની છપાયેલ નોટીસમાં પેરા –૧ માં** " તમે જાણો છો કે બેંક ઓફ ઈન્ડિયા, નવસારી શાખા શ્રી મરોલી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લીમીટેડ **રૂા. ૨૦,૨૯,૦૦,૦૦૦.૦૦ (અંકે રૂા. વીસ કરોડ ઓગણત્રીસ લાખ પુરા)** ની કૃષિ લોન સુવિધા મંજૂર કરેલ છે. જેના માટે તમે ગેંરટી આપનાર તરીકે હાજર રહ્યા છો **તા. ૧૧/૦૭/૨૦૧૭** અને **તા. ૦૮/૦૧/૨૦૧૮** ના રોજ તેના માટે તમે આ તમામ રકમ અને વ્યાજ, કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચની ગેરંટી આવતો પત્ર અને જામીનદાર તરીકે નો **તા. ૧૬.૧૨.૨૦૨૫** નો પત્ર આપેલ છે. આ નોટીસની તારીખે બાકી રકમ અને ગેરંટીની વિગતો નીચે મુજબ છે." છપાયેલ છે. જેમા શરત ચુક થી કેટલીક ભુલ થયેલ છે જે સુધારી ને
" તમે જાણો છો કે બેંક ઓફ ઈન્ડિયા, નવસારી શાખા શ્રી મરોલી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લીમીટેડ ના વિવિધ સભ્યો ને **રૂા. ૨૦,૨૯,૦૦,૦૦૦.૦૦ (અંકે રૂા. વીસ કરોડ ઓગણત્રીસ લાખ પુરા)** નું ખેત ધિરાણ આપેલ છે. જેના માટે તમે ગેંરટી આપનાર તરીકે ઉભા રહ્યા છો. અને એના માટે **તા. ૧૧/૦૭/૨૦૧૭** અને **તા. ૦૮/૦૧/૨૦૧૮** ના રોજ ગેરંટી પત્ર આપેલ છે. જેમાં ઉપરોક્ત રકમ અને તેના ઉપર તમામ વ્યાજ, ખર્ચ, કોસ્ટ, ચાર્જની પરત ચુકવણીમાં મુખ્ય દેવાદાર દ્વારા ખાતરી આપવામાં આવી છે. બેંક દ્વારા આપવામાં આવેલ વિવિધ ક્રેડિટ સુવિધામાં **તા. ૧૬.૧૨.૨૦૨૫** ના રોજ બાકી રકમ બાકી લેણાંની વિગતો નીચે મુજબ છે." એમ વાંચવું
(૨) બેંકની બંને નોટીસના અંતમાં શરત ચુક અને ભુલથી બેંક ઓફ બરોડા લખાયેલ છે જે સુધારીને " બેંક ઓફ ઈન્ડિયા " વાંચવું.

**તા.૧૦.૦૩.૨૦૨૬ | સ્થળ: નવસારી** **અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા**